R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ?
હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

ESTD.YEAR- 19•ISSUE: 05 DATE: 31-01-2015•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

## સાઉદી અરેબીયામાં ઇસીસની આંતરિક સુરક્ષાને પડકારતાં સરહદો પર સુરક્ષા કડક બનાવાઇ

ઈસ્લામીક આતંકવાદી સંગઠનની દિવસે દિવસે વધતી જતી ધાક ધમકીઓને લઈને સાઉદી અરેબીયાએ સાઉદી નોર્થન બોર્ડર,જે ઈરાકી સરહદ ગણાય છે ત્યાં દિવાલ ઉભી કરીને ઈસ્લામીક આતંકવાદીઓને તેમના દેશમાં પ્રવેશતા અટકાવવા માટે આયોજન કરી રહ્યુ છે. આ દિવાલ છસો માઈલ લાંબી બનશે.ઈરાક સાઉદી સરહદને આવરી લેતી આ દિવાલ જોર્ડનથી કુવૈત સુધીની બનશે.આ દિવાલને પાંચ લેયર વાયરની બનાવાશે.જેમાં પેટ્રોલ રોડ,૨૪૦ જેટલા રિપોન્સ વીહીકલ,અન્ડરગ્રાઉન્ડ મોશન સેન્સર્સ,૪૦ વોચ ટાવર્સ,રાડાર, ડે નાઈટ કેમેરાઓ,સાત કમાન્ડ સેન્ટર,૨૮ કોમ્યુનીકેશન ટાવરો,૩૨ મિલીટરી રીપોન્સ સ્ટેશન(જે હેલીપેડથી સુરક્ષિત) અને ત્રણ રેપીડ ઈન્ટરવેશન ટીમથ આ સરહદની દિવાલો સાથે ઉપરોક્ત જોડવામાં આવશે.



આવી દિવાલ ઉભી કરવા પાછળનો સહુ પ્રથમ વિચાર યુ.એસ. દ્વારા જ્યારે ઈરાક પર ૨૦૦૬માં હુમલો કરવામાં આવ્યો ત્યારે આવ્યો હતો.પરંતુ વિચાર અમલી બન્યો નહોતો.પરંતુ સપ્ટેમ્બર બાદ ઈસ્લામીક સ્ટેટ સંગઠન દ્વારા સ્વાથ જે અનબર ઈરાકનું પ્રોવીન્સ છે જે પર કબજો જમાવ્યા બાદ આ બાબતની શરુઆત થઈ હતી.

ટેલીગ્રાફના રીપોર્ટ પ્રમાણે સાઉદી સરકાર હવે તાત્કાલીક આ સરહદી વાડ બનાવવા લાગી છે.કારણકે જાન્યુઆરી માસમાં ઈસીસના આતંકીઓએ સાઉદી સરહદમાં આવેલ અરાર પર ઘુસણખોરી કરી હતી.જ્યારે સાઉદી બોર્ડર પેટ્રોલ દ્વારા ઈસીસ આતંકીઓને રોકવાનો પ્રયત્ન કર્યો ત્યારે તેઓએ ત્રણ બોર્ડર ગાર્ડને મારી નાંખ્યા હતો.જેમાં જે વિસ્તારના સાઉદી બોર્ડર કમાંન્ડરનો સમાવેશ થાય છે.આ ઘટનામાં ચાર ઈસીસના આતંકીઓનો પણ મોત નિપજ્યા હતા.આ ઘટનાને કારણે સાઉદી મીલીટરીએ ત્રીસ હજાર ટ્રુપને સરહદ પર મોકલી આપ્યા હતા.

કેટલાક સીક્યુરીટી એનાલીસ્ટનું માનવુ છે કે ઈસીસ દ્વારા સાઉદી પર કરવામાં આવેલ આ પ્રથમ હુમલો છે.જો કે આ બાબત હજુ સ્પષ્ટ નથી થઈ કે આ હુમલો થયો હતો કે આતંકીઓને બોર્ડર ક્રોસ કરતાં પડકાર્યા હતા ત્યરે ઘટના બની હતી.નવેમ્બરમાં ઈસીસ તરફથી જાહેરાત કરવામાં આવી હતી કે તેઓ તેમના કાર્યક્ષેત્રનું વિસ્તરણ કરશે જેમાં અરેબીયન પેનીનસુલાનો સમાવેશ થાય છે.સાઉદી અરેબીયા ઈસ્લામનું જન્મસ્થાન છે.તેમજ ધાર્મિક પવિત્ર સ્થળ પણ ત્યાં આવેલું છે.પવિત્ર મસ્જીદો મક્કા અને મદીનાની ત્યાં આવેલી છે.ઈસ્લામીક સંગઠનનો ઈરાદો સાઉદી કબજે કરી આ ધાર્મિક સ્થળો પોતના કાબુ હેઠળ લેવા માંગે છે.થોડાક માસ પહેલા ઈસીસ ટોપ લીડર અબુ બકર-અલ-બગદાદીએ સાઉદીમાં વસતા સુન્ની લોકોને સાઉદીની અંદર હુમલા કરવા માટે જણાવ્યું હતું.સુન્ની લોકોએ આ બાબતનો જવાબ આપવાનો શરુ કર્યો છે.સાઉદી સરકારે સુન્ની મૌલાનાઓને ઈસીસ ઝુંબેશ સામે અવાજ ઉઠાવવા આગ્રહ કર્યો છે.પોલીસે ડીસેમ્બરમાં ૧૩૫ ઈસીસ મળતીયાઓની ધરપકડ કરી હતી.

ઈસ્લામીક સંગઠન દ્વારા સાઉદી અરેબીયામાં વસતા સુન્નીઓમાં કટ્ટરતા ફેલાવવામાં ઈસીસ કંઈક અંશે સફળતા મેળવી છે જેથી સરકાર જાગી છે અને તેના પ્રતિકાર માટે તૈયારીઓ આરંભી છે.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬



## ઇસ્લામીક સંગઠનનો ચારે કોર કેર વર્તાવવાનો દોર ચાલુ

ગત સપ્તાહમાં ઈસ્લામીક સંગઠન દ્વારા નાગરિકો પર જુલ્મો કરવાના ચાલુ રહ્યા હતા. જેમાં કેટલાક વીડીયો મુકવામાં આવ્યા હતા તે બતાવે છે કે આ આતંકીઓ કેટલા બધા ઘાતકી છે.કેટલાક ગે લોકોને પકડીને તેમને ઉંચી ઈમારત પર લઈ જઈને નીચે ફેંકી દેવાયા હતા.આ ઉપરાતં ૧૭ જેટલા લોકોને ધર્મની આસ્થા બાબતે ક્રુસ પર ચઢાવી દેવાયા હતા.

ઈસ્લામીક સંગઠનની સાથે સંકળાયેલ લોકો પણ ઈસીસ દ્વારા સજાનો અમલ કેવી રીતે થાય છે તે જોવા માટે ટોળે મળે છે.મૌસુલમાં આવેલ એક ઉંચી ઈમારતની છત પરથી બે વ્યક્તિઓને નીચે ફેકી દેતા ઈસીસના સભ્યો ઉપરોકત ફોટામાં દેખાય છે.દૈનિક મેઈલના જણાવ્યા પ્રમાણે બે વ્યક્તિઓ હોમો સેક્સયુલ હોવાને કારણે તેમને ઉંચી ઈમારત પરથી ફેકીં દેવાઈ હતી.શરીયા કાયદા પ્રમાણે આ ગુનો બને છે.સેકડો લોકોએ આ દશ્યને નિહાળ્યું હતું.વાઈસ ન્યુઝના રીપોર્ટ પ્રમાણે મુસ્લીમ લોકો કાયદાનું કેવી રીતે પાલન થાય છે તે જોવા માટે આવ્યા હતા.

આ ઘટના પ્રથમવાર ઈસ્લામીક સ્ટેટ દ્વારા બની નથી.થોડાક મહિનાઓ પહેલા પણ આવા એક ગે વ્યક્તિને ઉંચી ઈમારત પરથી ફેંકી દેવાયો હતો.ઈસીસે જારી કરેલ ફોટામા એક ગે વ્યક્તિને પથ્થર મારીને મારી નાંખવામાં આવ્યો હતો.સીરીયન ઓબ્ઝરવેટીવ ફોર હ્યુમન રાઈટ્સના જણાવ્યા પ્રમાણે તે ઈસીસનો સહુ પ્રથમ હોમો સેક્સ્યુઅલને શિક્ષા કરવાની ઘટના હતી.

બીજી એક ઘટનામાં એક સ્ત્રી જેને બે પુરષો સાથે સેક્સ સબંધો રાખવાને કારણે મોતની સજા આપવામાં આવી હતી.બે પુરુષોને લોકોના ટોળા વચ્ચે મુકવામાં આવ્યા બાદ ઈસીસના આતંકીએ તેમના માથામાં ગોળી મારી દીધી હતી તેનો વીડીયો જારી કરાયો હતો.ત્યાર બાદ હત્યા કરાયેલ લોકોના મૃતદેહને જાહેરમાં લટકાવી દેવાયા હતા.આ ઘટનામાં સંડોવાયેલ સ્ત્રીને ઈસીસના સર્મથકો દ્વારા જાહેરમાં પથ્થરે મારી નાંખવામાં આવી હતી.ત્યારબાદ તેણીની લાશ શહેરની બહાર ફેકી દેવાઈ હતી.સીરીયન ઓબ્ઝરવેટરીઓનું માનવું છે કે તાજેતરમાં ઈસીસી દ્વારા લોકોની હત્યા કરવામાં આવી તેની પાછળ ઈસીસના કેટલાક નેતાઓની થઈ ગયેલ હત્યાનો આક્રોસ છે.ડેર ઈઝોર,માં ૧૬ અને ૨કામાં ૧ વક્તિઓને મોતને ઘાટ ઉતારાયા હતા.



**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ. મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઇટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઇ શકાશે.

# ગરવી નવક્રાંતિ

ભારતના ગણતંત્ર દિવસના મહેમાન બનેલા અમેરીકી રાષ્ટ્રપ્રમુખને ભારતની ભવ્ય પરોણાગત માણવા મળી.પાકિસ્તાનના ત્રાસવાદીઓને કે જેઓ મુંબઇ હુમલામાં સંડોવાયેલા છે તેમને ભારતને સોપીં દેવા જોઇએ તેવી વાત કરીને ભારતે ખુશ કરવા બરાક ઓબામાએ પ્રયત્ન કર્યો.જો કે અમેરિકાએ એ વાત જાણે છે કે પાકિસ્તાન ત્રાસવાદીઓને પુરતુ પ્રેરક બળ આપી રહ્યું છે.અફઘાનિસ્તાનમાં પણ તેના ત્રાસવાદીઓ તાલિબાનોની સાથે રહીને અમેરિકાને હંફાવતા રહ્યા છે.જેને કારણે અમેરિકાએ લાદેનને પાકિસ્તાનની ધરતી પર હણવો પડ્યો.પાકિસ્તાનની તમામ હરકતોથી અમેરિકા વાકેફ છે.પરંતુ હાલમાં આંતરરાષ્ટ્રીય સમીકરણો બદલાવા માંડયા છે.અમેરિકાને મોકળાશ આપતું બજાર જોઇએ છે.ચીને મોટા ભાગનું અમેરિકાનું બજાર સર કરી દીધું છે. હવે ભારતમાં ચીન પગ પેસારો કરી રહ્યું છે.અમેરિકાની આર્થિક મંદીમાંથી કોઇ યોગ્ય માર્ગ જણાતો હોય તો તે ભારતનું બજાર છે.જેથી અમેરિકાએ ભારતની પીઠ થાબડવામાં કચાસ રાખી નથી. ખેર,જ્યારે ભારતની નવી રાજકીય નીતિમાં પણ હવે નવા સબંધોને આવકારવા પડે તેમ છે. સત્તા મેળવ્યા બાદ આંતરરાષ્ટ્રીય સ્તરે તમે વામણાં પુરવાર ના થઇ શકો.માટે તમારે આવ્યા ભવ્ય આયોજનો કરવા પડે. આંતરરાષ્ટ્રીય સ્તરે આર.એસ.એસને આતંકવાદી સંગઠન જાહેર કરવા માટે માંગ ઉઠી છે.જેને સરકારનું પીઠબળ છે.તેથી આ બાબતને લઇને મોદીએ તેમની વિદેશ નીતીમાં ધરખમ ફેરફારો આચરવા પડે.મીડીયામાં પોતાની સિધ્ધીઓને હજાર ગણી મોટી કરી ફોકસ કરવામા હાલની સરકાર માહીર છે.હવે જોઇએ કે અમેરિકાના પ્રમુખ ભવ્ય મહેમાનગતિ માણ્યા બાદ કોથળામાં પાંચશેરી મુકીને કેવી રીતે મારે છે.

અનુ.પાન નં.૪ઉપરનું ચાલુ

ટેકો નથી આપતી અને જો કોઇ વ્યક્તિ કાયદાનો ભંગ કરે તો રાજ્ય સરકારોએ તેમની સામે કાર્યવાહી કરવી જોઇએ.

વડાપ્રધાન મોદી આ બાબતે મૌન ધારણ કરીને બેઠા છે.તેમની ઇચ્છા વિના સરકારમાં,સંગઠનમાં,સંઘ પરિવારમાં,પરિવાર સાથે સંકળાયેલ તમામ ભગિનિ સંસ્થાઓમાં પત્તુ પણ હાલતું નથી.તેથી એવું માનવાને વિપક્ષો પ્રેરાય કે મોદીની મુક સંમતિ આ બધાની સાથે છે.સંસદમાં ધર્માંતરણની બબાલ ચાલતી હોય અને મોહન ભાગવત જેવા જવાબદાર સંઘના સુપ્રીમો સર્વસંમત એજન્ડા વિના એક શબ્દ પણ ન ઉચ્ચારે.ઉત્તર પ્રદેશના ચુંટણી પ્રચાર સમિતિના અધ્યક્ષ યોગી આદિત્યનાથ ઉત્તર પ્રદેશમાં ધર્માંતરણ કાર્યક્રમ ચાલુ રહેશે તેમ વડાપ્રધાનની ચીમકી બાદ પણ કહ્યા કરે.વિશ્વ હિંદુ પરિષદ પણ એજ રીતે કાર્ય કરે તેથી મોદીનું મૌન સુચક તો અવશ્ય છે કે તેઓ આ સંસ્થાઓના નેતાઓને ટપારતા નથી.એવું બની શકે કે તેઓ તેમને ટપારે નહી અને પેલા મનફાવતું કરે જાય ત્યારબાદ ભાજપની સરકારને આની સાથે કોઇ લેવાદેવા નથી એમકહી છટકી જવાની આદત મુજબ વર્તે છે. તેવું સતત બનતું રહ્યુ છે તેથી સરકારની સામેલગીરી હોવાનો શક જાય છે.ખરેખર જેમણે ધર્માંતરણ કરીને નવો ધર્મ અપનાવ્યો છે તેમજ તેઓ તેનાથી ખુશ છે તો પછી ઘરવાપસી જેવા જબરજસ્તીથી ધર્માંતરણના કાર્યક્રમને શબ્દોના વાઘા પહેરાવીને બંધારણમાં નાગરિકી અધિકારોનું હનન કરો છો.સરકાર પોતાને ભલે આ વિવાદથી દુર રાખવા માંગે પરંતુ અંદરખાને તેમની સંમતિ દેખાઇ રહી છે.

# ફ્રાંસના મેગેઝીન શાર્લી હેબ્દોએ છાપેલા પયગંબરના કાર્ટુનને કારણે નાઇજીરીયામાં મુસ્લીમ કટ્ટરવાદીઓએ ચર્ચો અને પાસ્ટરોના મકાનો સળગાવ્યા,૧૦ના મોત

નાઇજીરીયામાં મુસ્લીમ કટ્ટરવાદીઓ દ્વારા ફ્રાંસના મેગેઝીન શાર્લી હેબ્દો દ્વારા છપાયેલ મહમંદ પયગંબરના કાર્ટુનનો વિરોધ કરવાના હેતુસર મુસ્લીમોના ટોળાઓએ નાઇજરમાં ચર્ચો અને પાસ્ટરોના મકાનો તોડીફોડી સળગાવી દીધા હતા.વિરોધ પ્રદર્શનને કારણે ૧૦ લોકોના મોત નિપજ્યા હતા.નિયામે કેપીટલ ખાતેથી ક્રિશ્ચિયન મિશનરીએ ઇન્ટરનેશનલ ક્રિશ્ચિયન કન્સનને જણાવ્યું હતું કે તેમના બધા જ ચર્ચો સળગાવી દેવાયા હતા. સાથે સાથે પાસ્ટરોના મકાનો પણ સળગાવી દેવાયા હતા.જેટલા ચર્ચો છે તે બધા જાણીતા ચર્ચો છે તેથી બધા પર હુમલા કરવામાં આવ્યા હતા.મિશનેરીએ જણાવ્યું હતું કે તેમની આજુબાજુ તમામ જગ્યાએ ધુમાડો દેખાઇ રહ્યો છે પરંતુ તેઓ ત્યાં જ છે.



ઇસુએ કહ્યું છ કે હું મારા ચર્ચો બનાવીશ,નરકના દરવાજાઓ પણ તેને બનાવતા રોકી શકશે નહી.તેથી અમો વિશ્વાસ રાખીએ છીએ કે આ સતાવણી એ ચર્ચોના ઉછેર અને માવજત માટે અને નાઇજરમાં વધુ લોકોને ઇશ્વરના વચનો પહોચે તે માટે છે.શાર્લી હેબ્દો કે જેની ઉપર આતંકી હુમલો જાન્યુઆરીમાં પેરીસ ખાતે કરાયો હતો.અને ત્યાં ૧૨ લોકો ની હત્યા કરવામાં આવી હતી.અખબારી સ્વાતંત્રતા છે ત્યાં ધર્મના નામે ખ્રિસ્તીઓ પર હુમલા કરાય છે.અમને એ ખબર નથી કે નાઇજરમાં ચર્ચો પર કેવી રીતે હુમલા કરવામાં આવ્યા અને તેને બાળી નાંખવામાં આવ્યા કદાચ તે ન્યુઝપેપરના કારણે હોઇ શકે.

અલ ઝજીરાના રીપોર્ટ પ્રમાણે હિંસક ટોળાઓએ નિયોમીમાં કરેલા હુમલાને કારણે પાંચ જેટલા લોકોના મરણ ચર્ચની અંદર થયા હતા.અને બીજા બહારની સાઇડમાં આગને કારણે મરણ પામ્યા હતા.અને પાચ જેટલા આગને કારણે મરણ પામ્યાના અહેવાલો આવ્યા હતા.વિરોધની શરુઆત નિયોમી ખાતે આવેલ ગ્રાન્ડ મસ્જીદથી થઇ હતી,તેવું બીબીસીના સમાચારોમાં કહેવાયું હતું.જેમાં છ ચર્ચો બાળી મુકાયાનો રીપોર્ટ આવ્યો હતો.પાસ્ટર ઝકરીયા જેડી કે જે એક ચર્ચ બાળી નંખાયું તે ચલાવતા હતા,તેમણે જણાવ્યુ હતું કે તેઓ તેમના કુટુંબને ત્યાંથી દુર લઇ ગયા હતા.સલામત કુટુંબને મુકીને પાછા આવ્યા ત્યારે બધું બાળી નંખાયું હતું.મારા ઘરમાં કે ચર્ચમાં કાંઇ બચ્યું નહોતું.

નાઇજરીયાના પ્રેસિડેન્ટ મોહમંદુ ઇસુફા,પેરીસમાં યોજાયેલ વર્લ્ડ લીડર માર્ચમાં સામેલ રહ્યા હતા.આ લીડરો એ આતંકવાદ વિરુધ્ધ માર્ચ કરી હતી.પ્રેસિડેન્ટ નાઇજીરીયામાં ખ્રિસ્તીઓની થયેલ હિંસા અને ચર્ચો અને અન્ય મિલકતો બાળી નંખાઇ તેના માટે દિલગીરી જાહેર કરી હતી.અને તમામ ઘટનાને વખોડી કાઢી હતી.તેમણે કહ્યું હતું કે જેઓએ પ્રાર્થના સ્થળો પર લુંટ ચલાવી છે,તેમજ ખ્રિસ્તીઓની હિંસા કરી છે તેઓ ખરેખર ઇસ્લામને સમજ્યા જ નથી.ઇસ્લામ કદી આવું કરવાનું સમજાવતો નથી.

ઇસ્લામીક દેશોમાં આ મેગેઝીને છાપેલા કાર્ટુનને કારણે ઉભા થયેલા વિવાદથી નાઇજીરીયા, માલી, સુદાન અને સોમાલીયા જેવા દેશોમાં જ્યાં આતંકવાદીઓનો મજબુત કન્ટ્રોલ છે તે વિસ્તારોમાં વસતા ખ્રિસ્તીઓ સલામત સ્થળે ખસી જવા લાગ્યા છે.કારણકે ચર્ચો બાળવા,ખ્રિસ્તીઓના ઘરો લુંટવા અને ખ્રિસ્તીઓના ધંધા રોજગાર પર લુટ ચલાવવી આ આતંકવાદીઓ માટે સરળ પ્રક્રિયા છે.હુમલાઓને ખાળવા માટે મોટાભાગના ખ્રિસ્તીઓ સલામત સ્થળે ખસી રહ્યા છે.હજુ પણ આ મેગેઝીન અખબારી સ્વાતંત્રતાના નામે કાર્ટુન પ્રસિધ્ધ કરી શકે તેમ છે.મુસ્લીમ દેશોમાં વસતા ખ્રિસ્તીઓ કટ્ટરવાદીઓ માટે સરળ શિકાર છે.ખ્રિસ્તીઓ ખુબજ મુશ્કેલીઓનો અનુભવ કરી રહ્યા છે.જેઓને આ ઘટના સાથે લેવાદેવા નથી છતાં તેમણે નુકશાન વેઠ્યું છે.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર ક્લાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧



ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧

જય ક્રિશ્ચિયન મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૯૨૩૮૦૦૧૯૮૯




**વિનંતી**

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.


**★ નીલા ફાઇનાન્સ ★**

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરૂ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૯૫૯,૨૫૩૮૩૩૨૨



**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386



**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

# વિકાસની ઊડાન
# વિશ્વાસની દોર ....

**૬૬મું પ્રજાસત્તાક પર્વ**

**આ છે વિકાસના નક્કર કદમ :**

**સાતમી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૧૫**
**અભુતપુર્વ સફળતા : ૨૫ લાખ કરોડ રુપીયાના રોકાણની પ્રતિબધ્ધતા**

**૧૧૦ દેશોના પ્રતિનિધિઓની હાજરી,વિવિધ ક્ષેત્રે થયા ૨૧૦૦૦ ઉપરાંતના સમજુતી કરાર**

**વનબંધુ કલ્યાણમાં નવતર પ્રયોગ : રુ.૨૪ કરોડના ખર્ચે ૧૨ હાટનું બાંધકામ**

**સ્વચ્છ ભારત, સ્વચ્છ ગુજરાત : ઘર ઘર શૌચાલયનો મહાસંકલ્પ**

**રાજ્યમાં નાના -લઘુ ઉધ્યોગોને પ્રોત્સાહ આપવા રુ.૧૦૦ કરોડની લઘુ ઉધોગ પ્રોત્સાહન યોજના**

**ગરીબી સામે ગુજરાતનો અભિનવ જંગ : ગરીબ કલ્યાણ મેળાનું સાતમું ચરણ સફળતાપુર્વક પુર્ણ**

**તમામ સેવાઓમાં મહિલા અનામત :સર્વાંગી મહિલા સશક્તિકરણ**

**પહેલી જ વાર રવિ કૃષિ મહોત્સવ : બે લાખથી વધુ કિસાનો સાથે મુખ્યમંત્રીશ્રીનો સીધો સંવાદ**

**સૌ ભારતવાસીઓને અંતઃકરણપુર્વક શુભેચ્છાઓ**
**રાજ્યકક્ષાનો ધ્વજવંદન સમારોહ,જામ ખંભાળીયા, જિ. દેવભુમિ દ્વારકા**

**શ્રેષ્ઠ ભારત**
**શ્રેષ્ઠ ભારત**

**શ્રીમતી આનંદીબેન પટેલ,**
**મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય**

# પુરખો કી ઘર વાપસી કહો કે ધર્માંતરણ કહો, હિંદુ રાષ્ટ્ર બનાવવાની આ ચાલ પાછળ શું રંધાઇ રહ્યું છે ?

લોકસભાની ચુંટણીમાં ભારતીય જનતા પાર્ટીને સંસદમાં મળેલ બહુમતીને કારણે સંઘની ભગિની સંસ્થાઓ ગેલમાં આવી ગઇ.હિન્દુત્વની લહેર ઘણા વર્ષો સુધી ચાલી નહી, પરંતુ મોદીનો કરિશ્મા કામ કરી ગયો.તેને પરિણામે આ સંસ્થાઓ પોતાનો એજન્ડા જેટલી ઝડપથી લાગુ કરી શકાય તેની ફિરાકમાં હતી.અચ્છે દિન આયેગેના સુત્રના ૧૦૦ દિવસ પુરા પણ થયા નહિ અને સંઘ,બજરંગદળ અને ધર્મ જાગરણ સંસ્થાઓ પુરખો કી ઘર વાપસી જેવા રુપાળા નામોના ઓછાયા તળે ધર્માંતરણની પ્રક્રિયા ચાલુ કરી દીધી.આરએસએસ અને બજરંગ દળ દ્વારા આગ્રામાં જે ૬૦ મુસ્લીમ પરિવારોનું હિંદુ ધર્મમાં પરિવર્તન કરવામાં આવ્યુ હતું તેની પોલ ખુલી ગઇ.બજરંગ દળે દાવો કર્યો હતો કે તેમના આ કાર્યક્રમમાં ૨૫૦ જેટલા લોકોએ હિંદુ ધર્મનો અંગીકાર કર્યો હતો.જે પરિવારોને હિંદુ બનાવાયા તેમને રેશનકાર્ડથી લઇને પ્લોટ આપવા સુધીની વિવિધ પ્રકારની લાલચ આપવામાં આવી હતી.કેટલાક ધર્મ પરિવર્તન કરનારા મુસ્લીમોનું કહેવુ હતું કે તેઓ ભયના કારણે હિંદુ ધર્મમાં આવ્યા હતા.

ધર્મ પરિવર્તન કરનારા મોટા ભાગના લોકો બિહાર અને પશ્ચિમ બંગાળના છે.આરએસએસ અને બજરંગ દળના ઘર વાપસી નામના અભિયાન હેઠળ મોટી સંખ્યામાં મુસ્લીમ લોકો હિંદુ ધર્મમાં પરત ફર્યાનો દાવો કરવામાં આવ્યો હતો.પરિણામે આ સમાચારોને કારણે રાજકીય વાતાવરણ ગરમાયું હતું.ભાજપના પ્રદેશ અધ્યક્ષ લક્ષ્મીકાંત બાજપેયીએ જણાવ્યું હતું કે બળજબરીથી ધર્મ પરિવર્તન થયું હોય તો તે ખોટું છે.આગ્રાની આ ઘટનાને સપા અને બસપાએ વખોડી હતી.આગ્રાના આ કાર્યક્રમનું આયોજન દેવરી રોડ પર આરએસએસની શાખા ધર્મ જાગરણ સમન્વય વિભાગ અને બજરંગદળ દ્વારા કરવામાં આવ્યું હતું.બ્રાહ્મણો દ્વારા આ કાર્યક્રમમાં હાજર રહેલા લોકોને હોમહવન કરાવીને મંત્રદીક્ષા આપીને હિંદુ ધર્મમાં પરત લાવવામાં આવ્યા હતા.ત્યાર બાદ આ લોકોના ઘર પર ભગવી પતાકા લહેરાવવામાં આવી હતી.ધર્મપરિવર્તન કર્યા બાદ તમામ લોકોને મંદિરમાં દર્શને માટે લઇ જવાયા હતા ત્યાર બાદ તેમના ઘેર પરત મોકલાયા હતા.

ધર્મ જાગરણ ઇસાઇ પરિયોજનાના સંયોજક નંદ કિશોરે જણાવ્યું હતું કે અહીયા હાજર તમામ લોકોના ધર્માંતરણમાં નિયમો અને પ્રક્રિયાનું પુરતુ પાલન કરવામાં આવ્યું છે.આ લોકો દ્વારા આર્ય સમાજના ફોર્મ ભરવામાં આવ્યા હતા.આરએસએસના સ્થાનિક નેતા રાજેશ્વર સિંહે જણાવ્યુ હતું કે હિંદુ ધર્મ છોડીને બીજો ધર્મ અપનાવનારા લોકોને ફરીથી હિંદુ ધર્મમાં લાવવાનો પ્રયાસ કરવામાં આવશે.આગામી નાતાલ પર અલીગઢમાં ૫૦૦૦ જેટલા મુસ્લીમ અને ખ્રિસ્તી લોકોને ફરીથી હિંદુ ધર્મમાં લાવવામાં આવશે.આ માટે અલીગઢની માહેશ્વરી કોલેજમાં મોટાપાયે આયોજન કરવામાં આવ્યું છે.

બજરંગદળના અધ્યક્ષ અજ્જુ ચૌહાણના જણાવ્યાનુસાર જે લોકોએ ધર્મપરિવર્તન કરીને હિંદુ ધર્મ અપનાવ્યો છે તે ખુબજ ગરીબ અને પછાત છે. આ લોકો વાલ્મીકી સમાજ સાથે સબંધ ધરાવે છે.વાસ્તવિકતા એ છે કે તેઓ ઇસ્લામ ધર્મથી અસંતુષ્ટ હતા.જ્યારે ધર્મ પરિવર્તન કરનારા મુસ્લીમ લોકોનું કહેવું છે કે અમને કહેવામાં આવ્યું હતું કે એક મોટો કાર્યક્રમ ચાલી રહ્યો છે. જેમાં અમારે હાજર રહેવાનું છે અને ફોટા પડાવવાના છે.મોટા અધિકારીઓ સાથે ફોટા પડાવ્યા બાદ તેમને બીપીએલ રેશનકાર્ડ અને પ્લોટ આપવામાં આવશે.અમને ધર્મપરિવર્તન અંગે કંઇ કહેવામાં આવ્યું નથી.આ સમયે ઝગડો થાય નહી તે હેતુંથી અને ભયના કારણે અમો ચુપ રહ્યા હતા.ત્યારબાદ અમોને મહાકાળી માતાની મુર્તિ આપવામાં આવી હતી પરંતુ ઘર પરત ફર્યા બાદ તેને અમોએ ફેકી દીધી હતી અન અમારા ધર્મ પ્રમાણે નમાઝ પણ અદા કરી હતી.

સમગ્ર ઘટના ઉપર નજર કરીએ તો જબરજસ્તીથી,ભય ઉભા કરીને, લાલચ આપીને,ગેરસમજો ઉભી કરીને અન્ય ધર્મોના લોકોને ઘર વાપસી કાર્યક્રમ હેઠળ ઠગવામાં આવ્યા છે.સંઘ અને તેમની ભગીની સંસ્થાઓ જે અન્ય ધર્મીઓ પર ધર્મપરિવર્તન માટે જે આક્ષેપ કરે છે તે પ્રમાણે તેઓએ કર્યુ છે.જે સાબિત થયું છે. ખરેખર ધર્માંતરણ આ સંસ્થાઓ કરી રહી છે.મુસ્લીમ કે ખ્રિસ્તી ધર્મ સ્વીકારનારાઓ હજુ પણ પછાત અને ગરીબ તો છે જ.પછી તેમને ધર્મ પરિવર્તનને કારણે ફાયદો થયો હોય તેવું દેખાતું નથી.આ ઘર વાપસી કાર્યક્રમ હેઠળ કટ્ટરવાદી સંસ્થાઓ તેમને મળેલી અમર્યાદ સત્તાનો દુરપયોગ કરી રહ્યા છે.પ્રજાએ તેમને આ કારણોસર મત આપ્યા નથી. માત્ર મોદીને વડાપ્રધાન બનાવવા અને દેશનો વિકાસ કરવા માટે બહુમતી મતો આપ્યા છે.મામલો બિચક્યો છે ત્યારે સંઘની દલીલ છે કે મુસ્લીમો પર મુળ ધર્મમાં પરત ફરવા દબાણ થયું છે.

દેશમાં ચાલી રહેલ ધર્માંતરણ વિવાદમાં સંઘના વડા મોહન ભાગવતે અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ દ્વારા અપાયેલાં વિરોધાભાસી નિવેદનોએ નવો વિવાદ ઉભા કર્યો છે.કોલકત્તાની વિહપની સભામાં ભાગવતે જણાવ્યું હતું કે યુવાનો વૃધ્ધ બને તે પહેલાં ભારતને હિંદુ રાષ્ટ્ર બનાવી દેવામાં આવશે.હવે સમય દુર નથી.જે લોકો ભુલ્યા - ભટકયા છે તેમને હિંદુ ધર્મમાં પાછા લવાશે.અમે કોઇનં પરિવર્તન કરતા નથી.વધુમાં તેમણે કહ્યુ હતું કે પાકિસ્તાન પણ ભારતનો ભાગ છે.તેનું અસ્તિત્વ કાયમી નથી.જે લોકોને ધર્માંતરણ પસંદ નથી તેઓ કાયદો લાવે.આ અમારુ હિંદુ રાષ્ટ્ર છે.હિંદુ વિના કોઇનું કલ્યાણ નથી.એજ પ્રમાણે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે પણ બળજબરીથી કરાતાં ધર્માંતરણની તેઓ વિરુધ્ધ છે.તેમણે સંઘ દ્વારા યુપીમાં બળજબરીથી થતા ઘરવાપસી કાર્યક્રમ અંગે મામલો કોર્ટમાં હોવાથી ટિપ્પણી કરવાની ના પાડી હતી.

જો કે ઘરવાપસી કાર્યક્રમને કારણે દેશભરમાં ગરમાવો ચાલી રહ્યો છે. સંસદ અને રાજયસભામાં વિરોધ પક્ષોએ વડાપ્રધાનને આ બાબતે પોતાનું મંતવ્ય રજુ કરવા માટે હઠાગ્રહ સેવ્યો છે.વડાપ્રધાને આ બાબતે સંસદ કે રાજયસભામાં પોતાનું મંતવ્ય રજુ નહી કરતાં ગૃહની કાર્યવાહી ખોરવાઇ ગઇ છે.અને છેલ્લે સત્રની સમાપ્તિ પણ કરી દેવાઇ છે.વડાપ્રધાને સંઘના નેતાઓને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે તેવા સમાચારો પ્રગટ થયા છે.તેમણે વિશ્વ હિંદુ પરિષદ, અને બજરંગ દળ જેવા સંગઠનોના અભિયાનો અટકાવવામાં નહિં આવે તો તેઓ પોતાનું પદ છોડતાં ખચકાશે નહી.મોદીએ એવું પણ કહ્યું છે કે જનતાએ તેમને પુર્ણ બહુમતી, સુશાસન,વિકાસ અને રાષ્ટ્રનિર્માણ માટે આપી છે.માટે અર્થ વ્યવસ્થાની ગાડી પાટા પર લાવવાની તેમની સરકારની પ્રાથમિકતા છે.જો કે કેન્દ્રમાં ભાજપાની સરકાર રચાંતા અશોક સિંઘલ અને પ્રવીણ તોગડીયા જેવા નેતાઓ સરકાર પર રામમંદિર બનાવવા માટે સતત દબાણ કરતાં રહ્યા છે.આમ વડા પ્રધાન તેમના જ લોકોના સખ્ત દબાણ હેઠળ કામગીરી કરી રહ્યા છે.

વિશ્વ હિંદુ પરિષદના ધર્મપ્રસાર વિભાગ દ્વારા કપરાડા તાલુકાના ઐતિહાસિક મહત્વ ધરાવતાં અને ગરમ પાણીના કુંડ તરીકે જાણીતા અરણાઇ ગામે રામમંદિરે ઘરવાપસી કાર્યક્રમનું આયોજન થયું હતું.કપરાડા તાલુકાના ૧૭૦ પરિવારોના લગભગ ૪૦૦ જેટલા સભ્યોનું હિંદુ સંસ્કૃતિ મુજબ ધર્મપરિર્તન કરવામાં આવ્યું હતું. ગત મહિને ધરમપુરના બરુમાળ ગામના વિખ્યાત શ્રી ભાવભાવેશ્વર મહાદેવ મંદિરમાં, વલસાડ જિલ્લા ધર્મ જાગરણ વિભાગ દ્વારા યોજાયેલ ઘર વાપસી કાર્યક્રમ હેઠળ કપરાડા અને સેલવાસ વિસ્તારના ૧૩૫ પરિવારોના ૩૩૫ સભ્યોનું હિંદુ ધર્મમાં પરિવર્તન કરવામાં આવ્યું હતું.વિશ્વ હિંદુ પરિષદ દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું.

વિહપના કેન્દ્રીય મંત્રી ધર્મનારાયણ શર્મા,વિહિપના કેન્દ્રીયયુવા શક્તિ મંચ પ્રમુખ ધર્મેન્દ્રભાઇ ભાવાણ, ખેરગામના કથાકાર પ્રફુલ્લાભાઇ શુકલ, નાસિકના ફેઠ જિલ્લાના ભાવડું મહારાજ, ગુંદીયા ગામના રામજીબાબા સહિત વિહિપના દ.ગુજરાતના આગેવાનોની હાજરીમાં યોજાયેલ આ કાર્યક્રમાં ધરમપુર ,તાલુકાના ૧૪, કપરાડાના ૬ ગામોના ૧૭૦ પરિવારો સહિત ૪૦૦ સભ્યોએ ખ્રિસ્તી ધર્મનો ત્યાગ કરીને પુનઃ હિંદુ ધર્મનો અંગીકાર કર્યો હતો.૪૦૦ લોકોએ અરુણાઇ સ્થિત ગરમ પાણીના કુંડમાં હાથ-પગ ધોયા બાદ સ્નાન કરીને દીક્ષા કાર્યક્રમના યજ્ઞમાં બેઠા હતા.પોલીસ બંદોબસ્ત હેઠળ આ કાર્યક્રમ યોજાયો હતો.આ કાર્યક્રમાં પુરષો કરતાં સ્ત્રીઓની સંખ્યા વધારે હતી.

સંસદના બંને ગૃહોમાં ધર્માંતરણના મુદ્દે થયેલ હોબાળામાં લોકસભામાં સંસદીય કાર્યમંત્રી વેંકયા નાયડુંએ નિવેદન આપ્યું હતું કે સરકાર કે ભાજપ બેમાંથી કોઇ ધર્માંતરણ સાથે સંકળાયેલા નથી. તેમને આ મુદ્દા સાથે કોઇ લેવાદેવા નથી.આ મામલો રાજ્ય સરકારનો છે.અને જો કોઇ કાયદા ભંગ કરતું હોય તો તેને સજા કરવાની જવાબદારી રાજ્ય સરકારની છે.આમ જણાવીને તેમણે ધર્માંતરણ મુદ્દે હાથ ખંખરી નાખ્યા હતા.ધર્માંતરણનો જે કાર્યક્રમ ચાલી રહ્યો છે તે ભલે અન્ય સંસ્થાઓ કરી રહી હોય પરંતુ તેમને સત્તા પર બેઠેલી સરકારના છુપા આર્શીવાદ તો છે જ તેમાં બે મત નથી. હાથીના દેખાડવાના અને બતાવવાના દાંત જુદા હોય છે તે પ્રમાણે ભાજપ સોગઠી મારે છે.

ઉત્તર પ્રદેશના ટુંડલાના નગલા તુલસીક્ષેત્રમાં ૨૦ હિંદુ મહિલાઓને લાલચ આપી ધર્માંતરણનો આરોપ મુકાયો છે.આ મહિલાઓના બાળકોને સારુ શિક્ષણ અને એક લાખ રુપીયાની લાલચ આપીને ખ્રિસ્તી બનાવાયા હોવાનું જણાવાયું છે.ગામની બે મહિલા પાદરીઓ પર આ આરોપ લગાવાયો છે. ઉત્તર પ્રદેશના ગઢી સંપત ગામમાં છેલ્લા એક વર્ષથી ખ્રિસ્તી મીશનરી પ્રવૃતિઓ ચાલે છે.આરએસએસે જણાવ્યું હતું કે ખ્રિસ્તી ધર્માંતરણને રાજ્ય સરકાર સુરક્ષા પ્રદાન કરી રહી છે.

ઉત્તર પ્રદેશના ગૌતમબુધ્ધનગર જિલ્લામાં બલ્લુખેડા ગામમાં આશરે ૨૫ દેવીપુજકોએ પોતાની મરજીથી ખ્રિસ્તી ધર્મ અપનાવવાની વાત કરી છે.તેમનું કહેવુ છે કે આ નિર્ણય તેઓ કોઇના દબાણ કે લાલચમાં આવીને લઇ રહ્યા નથી. તેમના ધર્મના ઉચ્ચ વર્ગના લોકો દ્વારા અવારનવાર કરવામાં આવી રહેલ ભેદભાવભર્યા વર્તનથી કંટાળીને તેઓ આ પગલું ભરી રહ્યા છે.ભાજપ અને વિએચપી સ્થાનિક નેતાઓ આ ધર્મપરિવર્તનનો વિરોધ કરી રહ્યા છે.તેમને નિર્ણયકર્તાઓને સમજાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે.જો કે ભાજપ અને સંઘના કેટલાક સંગઠનો દ્વારા ધર્માંતરણના મુદ્દે બેજવાબદાર નિવેદનો કરવામાં આવી રહ્યા છે.ભાજપના અને સંઘના નેતાઓ વચ્ચે નીતિન ગડકરીના નિવાસસ્થાને આ બાબતે એક બેઠક યોજાઇ હતી.જેમાં મોદીને નુકશાન થાય તેવા નિવેદનો નહી આપવા માટે સમજુતી કરવામાં આવી હતી.લોકસભામાં ભલે ભાજપના મંત્રી આ બાબતે કશી લેવાદેવા નથી તેવા નિવેદનો કરતાં રહે પરંતુ ભાજપ અને સંઘની તમામ સંસ્થાઓ એકબીજાના મેળાપીપણાંમાં કામ કરી રહી છે. તે ખુલ્લુ પડી ગયું છે.

શિવસેના જે કેન્દ્રમાં સાથી પક્ષ તરીકે ભાજપની સાથે જોડાયેલ છે તેમને પણ ભાજપની કેન્દ્ર અને રાજ્ય સરકારનું ધર્માંતરણને સમર્થન છે કે નહી તે બાબતે શિવસેનાના મુખપત્ર સામનાના તંત્રીલેખમાં ધર્માંતરણ બાબતે વિસ્તૃત છણાવટ કરવામાં આવી છે.તેમજ વડાપ્રધાન મોદીને સવાલ પુછ્યો છે કે શું સરકારનું ધર્માંતરણના મુદ્દે પીઠબળ છે ?પ્રજા સરકારનું વલણ જાણવા માંગે છે.આ મુદ્દે વડાપ્રધાન મૌન ધારણ કરીને બેઠા છે.તેમજ સંઘને તેમજ અન્ય સાંસદોને પણ બેફામ નિવેદનો નહી કરવા બાબતે શીખ આપી છે.અન્યથા પોતે રાજીનામું આપી દેશે તેવી વાતો વહેતી કરી છે.શિવસેના ધર્માંતરણના મુદ્દે સરકારનું સ્પષ્ટ વલણ જાણવા માંગે છે જેથી તેઓ પણ આ મુદ્દે તેનો રાજકીય લાભ લઇ શકે.વિપક્ષો બાદ શિવસેના પર હવે ભાજપાને નિશાન બનાવી રહી છે. શિવસેના તેના મુખપત્ર સામનામાં કહ્યું છે કે ધર્માંતરણના મુદ્દે ભાજપ કન્ફ્યુઝ છે.

શિવસેનાએ કહ્યુ છે કે ધર્મ વાપસીમાં કંઇ ખોટું નથી.તેણે એવા લોકોની ટીકા કરી હતી કે જેઓ હિન્દુઓના ઇસ્લામ ધર્મમાં જવા પર ચુપ રહ્યા હતા.હિન્દુઓનું મુસ્લીમ ધર્મા ધર્માંતરણ થઇ રહ્યું હતુ ત્યારે કોઇ એવું બોલ્યો ન હતો કે આ બળજબરીથી કે લાલચ આપીને કરવામાં આવ્યું હતું.હવે ગંગા ઉલ્ટી વહેવાનું શરુ થયું છે. તો કથિત ધર્મનિરપેક્ષ લોકો કહી રહ્યા છે કે ધર્માંતરણ યોગ્ય નથી.

સંસદમાં વિપક્ષોએ પણ સરકારને ધર્માંતરણના મુદ્દે ઘેરવાનો પ્રયાસ કર્યો હતો.પરિણામે ગૃહની કાર્યવાહી ચાલી શકી નહોતી.કેરળમાં ૩૦ દલિત ખ્રિસ્તીઓએ હિન્દુ ધર્મ અપનાવી લીધી હોવાના સમાચારે વિપક્ષે વડાપ્રધાનની સ્પષ્ટતા માંગી હતી.જો કે મંત્રી નાયડુએ કહ્યું હતું કે સરકાર ધર્માંતરણ કે પુનઃધર્માંતરણને

અનુ. પાન નં. ૨ ઉપર

તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.